કોરોના વાયરસ(COVID-19) અન્વયે રાજ્યની તમામ
શાળાઓ તથા કોલેજો તારીખ.૧૬-૦૩-૨૦૨૦ થી
તારીખ:૨૯-૦૩-૨૦૨૦ સુધી બંધ રાખવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા-૧૫/૦૩/૨૦૨૦

જાહેરનામું ક્રમાંક-પરચ-૧૧૨૦૨૦-૧૫૧-વ.ર

તાજેતરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસનો ફેલાવો શ્વાચ્છોશ્વાસ દ્વારા, ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. હાલ માં વિશ્વમાં તથા દેશમાં પ્રવર્તી રહેલ કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લેતાં રાજ્યમાં કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે ભારત સરકાર તરફથી પરિપત્ર મારફતે સમયાંતરે મળેલ સૂચનાઓને ધ્યાને લઈ તકેદારીના પગલા રૂપે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આજ રોજ મળેલ બેઠકમાં લેવામાં આવેલ નિર્ણયનુસાર તાત્કાલિક અસરથી રાજ્યની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગુજરાત રાજ્યમાં કાર્યરત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર તથા સ્વાયતસંસ્થાઓ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં તા.૧૬-૦૩-૨૦૨૦ થી ૨૯-૦૩-૨૦૨૦ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની સૂચના બહાર પાડવામાં આવે છે.

(૧) આ સૂચના અંતર્ગત હાલ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અને સી.બી.એસ.ઈ. દ્વારા ચાલી રહેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાને લાગુ પડશે નહી.

(૨) કોઈપણ શાળામાં વાર્ષિક પરીક્ષાઓ ચાલુ થઈ ગઈ હોય તો આગામી સપ્તાહમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) જે માં પરીક્ષાઓ ચાલુ ન હોય તેવી બાકી તમામ શાળાઓમાં તા.૩૦-૦૩-૨૦૨૦થી પરીક્ષાઓનું આયોજન કરવાનું રહેશે. સરકારી પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૦-૦૩-૨૦૨૦થી શરૂ થનાર વાર્ષિક પરીક્ષાઓનું સંબંધિત ખાતાના વડાની કચેરી દ્વારા નવેસરથી પરીક્ષાનું સમય પત્રક અલગથી બહાર પાડવાનું રહેશે.

(૪) આ સૂચના અન્વયે હાલમાં ચાલી રહેલ કોલેજો/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ આગામી સપ્તાહમાં પૂર્ણ કરવાની રહેશે. પરંતુ જે કોલેજો/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ ચાલુ ન થઈ હોય તેવી કોલેજો/યુનિવર્સિટીઓની પરીક્ષાઓનું તા.૩૦-૦૩-૨૦૨૦ પછી આયોજન કરવાનું રહેશે.

(૫) જ્યારે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટી સહિત તમામ સંસ્થાઓના શૈક્ષણિક તેમજ બીન શૈક્ષણિક કર્મચારીઓએ જે તે સંસ્થા ખાતે ફરજ પર હાજર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.વી.રાઠવા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,
(૧) નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક નં ૨, કર્મયોગી ભવન, ગાંધીનગર
(૪) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેક્ટર નં ૧૭, ગાંધીનગર
(૫) સચિવશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ સેક્ટર નં ૧૦બી ગાંધીનગર
(૬) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૭) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર